

RNI No. GUJGUJ/2016/70752
NAVSARJAN SANSKRUTI

# નવસર્જન સંસ્કૃતિ

નવસર્જન સંસ્કૃતિ

અમદાવાદથી પ્રસિદ્ધ થતું દૈનિક

Volume : 09
Issue : 288
Dt.: 24-08-2025,
Sunday
Page:04
Rs.00.50 paisa

EDITOR : RAGINI JIGNESHKUMAR VAGHELA Regd. Office : B/13, Sneh Plaza Shopping Centre, I.O.C. Road, Chandkheda, Ahmedabad-382 424, Gujarat, India.

Phone : 76983 33307 (M) 84859 51747, 70963 33307 ● Email : navsarjansanskruti2016@gmail.com ● Email : navsarjansanskruti2016@yahoo.com ● Website : www.navsarjansanskruti.com


### સ્પેસના ડેના અવસરે પીએમ મોદીનું મોટું નિવેદન

# ભારત અંતરિક્ષમાં પોતાનું સ્ટેશન બનાવશેઃ પીએમ મોદી

**સ્પેસ સેક્ટરમાં એક પછી એક નવા સીમાચિહ્નો બનાવવા એ ભારત અને ભારતીય વિજ્ઞાનિકોનો મંત્ર બની ગયો છે**

(સંપૂર્ણ સમાચાર સેવા)નવી દિલ્હી

પીએમ મોદીએ સ્પેસ ડે નિમિત્તે દેશવાસીઓને સંબોધતા કહ્યું કે, આ વખતે સ્પેસ ડેની થીમ છે - આર્યભટ્ટથી ગગનયાન સુધી. તેમાં અતીતનો આત્મવિશ્વાસ અને ભવિષ્યનો સંકલ્પ પણ છે. આજે આપણે જોઈ રહ્યા છીએ કે આટલા ઓછા સમયમાં નેશનલ સ્પેસ ડે યુવાનોમાં ઉત્સાહ અને આકર્ષણનો અવસર બની ગયો છે. આ આપણા દેશ માટે ગર્વની વાત છે.

હું સ્પેસ સેક્ટર સાથે જોડાયેલે તમામ લોકો, વૈજ્ઞાનિકો, તમામ યુવાનોને નેશનલ સ્પેસ ડે પર અભિનંદન પાઠવું છું. હાલમાં જ ભારતે International Olympiad on Astronomy and Astrophysics નું પણ આયોજન કર્યું છે. જેમાં વિશ્વના ૬૦ થી વધુ દેશોના ૩૦૦ યુવાનોએ તેમાં ભાગ લીધો હતો. ભારતીય યુવાનોએ પણ મેડલ જીત્યા છે. આ ઉપરાંત યુવાનામાં સ્પેસ ક્ષેત્રે રસ વધે તે માટે ISRO દ્વારા પહેલ કરવામાં આવી રહી છે. પીએમ મોદીએ કહ્યું કે, સ્પેસ સેક્ટરમાં એક પછી એક નવા સીમાચિહ્નો બનાવવા એ ભારત અને ભારતીય વિજ્ઞાનિકોનો મંત્ર બની ગયો છે. માત્ર ૨ વર્ષ પહેલા આપણે ચંદ્રના દક્ષિણ ધ્રુવ પર પહોંચનાર




પ્રથમ દેશ બન્યા હતા. આપણે સ્પેસમાં ડોકિંગ અને અનડોકિંગ કરવાની ક્ષમતા ધરાવનારા ચોથા દેશ બન્યા છીએ. ત્રણ દિવસ પહેલા જ હું ગ્રુપ કેપ્ટન શુભાંશુ શુક્લાને મળ્યો હતો. ISS પર ત્રિરંગો લહેરાવીને દરેક ભારતીયને ગર્વથી ભરી દીધો છે. જ્યારે તેઓ મને ત્રિરંગો બતાવી રહ્યા હતા, ત્યારે એ લાગણીને શબ્દો વર્ણવી મુશ્કેલ હતું. તેમની સાથેની મારી વાતચીતમાં, મેં નવા ભારતના યુવાનોની હિંમત અને અનંત સપના જોયા છે. આ સપનાઓને આગળ વધારવા માટે અમે ભારતનો અંતરિક્ષયાત્રી પૂલ પણ તૈયાર કરી રહ્યા છીએ. હું આપણા યુવાનોને કહેવા માંગુ છું કે, ભારતના સપનાઓને પાંખો આપવા માટે આ અંતરિક્ષયાત્રી પૂલમાં જોડાવો. તેમણે કહ્યું કે, આજે ભારત સેમી-ક્રાયોજેનિક એન્જિન અને ઈલેક્ટ્રિક પ્રોપલ્શન જેવી પ્રગતિશીલ ટેકનોલોજીમાં ઝડપથી આગળ વધી રહ્યું છે. ટૂંક સમયમાં, તમારા બધા વિજ્ઞાનિકોની મહેનતથી ભારત ગગનયાનની ઉડાણ પણ ભરશે અને આવનારા સમયમાં ભારત પોતાનું સ્પેસ સ્ટેશન પણ બનાવશે. અત્યાર સુધી આપણે ચંદ્ર અને મંગળ પર પહોંચી ગયા છીએ અને આપણે ઊંડા અંતરિક્ષમાં પણ તપાસ કરવી પડશે, જ્યાં ઘણા મહત્ત્વપૂર્ણ રહસ્યો છુપાયેલા છે.

### ટેરિફ મુદ્દે જયશંકરનો અમેરિકાને જવાબ

# ભારતની ત્રણ રેડ લાઈન્સ છે, જેમાં કોઈ બાંધછોડ નહીં ચાલે

**ટ્રેડ, તેલ અને ભારત-પાક સંબંધોમાં મધ્યસ્થી અંગે બંને દેશોમાં તણાવ છે, અમેરિકા સાથે કોઈ અણબનાવ નથી**

(સંપૂર્ણ સમાચાર સેવા)નવી દિલ્હી

ભારત-અમેરિકા વચ્ચે હાલમાં વચ્ચે ટ્રેડ અને રશિયન ઓઈલની ખરીદીને લઈને તણાવ ચાલી રહ્યો છે. હવે વિદેશ મંત્રી એસ જયશંકરે તમામ મુદ્દાઓ પર વિગતવાર વાત કરી છે. તેમણે કહ્યું કે, ટ્રેડ, તેલ અને ભારત-પાક સંબંધોમાં મધ્યસ્થી અંગે બંને દેશોમાં તણાવ છે. અમેરિકા સાથે કોઈ અણબનાવ નથી, પરંતુ વાતચીત ચાલી રહી છે.

જયશંકરે સ્પષ્ટ કરી દીધું કે, અમેરિકા સાથે ટ્રેડ પર વાટાઘાટોમાં ભારતના ખેડૂતો અને નાના ઉત્પાદકોના હિત સર્વોપરી છે. ભારત પોતાની રેડ લાઈન્સ સાથે ક્યારેય કોઈ બંધછોડ નહીં કરશે. પછી ભલે તે ખેડૂતોના હિતની વાત હોય કે, વ્યૂહાત્મક સ્વાયત્તતાની વાત હોય.



અમેરિકા સાથે ટ્રેડ અંગે વિદેશ મંત્રી જયશંકરે કહ્યું કે, નેગોશિયેશન્સ હજુ પણ ચાલી રહી છે પરંતુ અમારી કેટલીક રેડ લાઈન્સ છે. સૌથી મહત્વપૂર્ણ ખેડૂતો અને નાના ઉત્પાદકોનું હિત છે. આ એક એવો મુદ્દો છે જેના પર સમાધાન શક્ય નથી. વિપક્ષ અને ટીકાકારો પર નિશાન સાધતા તેમણે કહ્યું કે, જો કોઈ અસંમત હોય, તો તેમણે જનતાને કહેવું જોઈએ કે તેઓ ખેડૂતોના હિતોનું રક્ષણ કરવા તૈયાર નથી અને તેમના માટે વ્યૂહાત્મક સ્વાયત્તતાનું મહત્વ નથી. રશિયાથી તેલની આયાત અને અમેરિકા દ્વારા લાદવામાં આવેલા પ્રતિબંધો વિશે વાત કરતા જયશંકરે અમેરિકાના બેવડા વલણ પર સવાલ ઉઠાવ્યા. તેમણે કહ્યું કે, તેને તેલનો મુદ્દો કહેવામાં આવે છે પરંતુ ચીન પર કોઈ ટેરિફ લાદવામાં આવ્યો નથી, જે રશિયાનો સૌથી મોટો આયાતકાર છે. ભારતને નિશાન બનાવતી દલીલો ચીન પર કેમ લાગુ નથી પડતી? તેમણે યુરોપ અને અમેરિકાના વર્તન પર પણ ટિપ્પણી કરી અને કહ્યું કે, જો તમને રશિયા પાસેથી તેલ અથવા તેના ઉત્પાદનો ખરીદવામાં સમસ્યા હોય, તો ન ખરીદો. પરંતુ યુરોપ ખરીદે છે, અમેરિકા ખરીદે છે. જો તમને તે પસંદ નથી, તો અમારી પાસેથી ન ખરીદો.

જયશંકરે સ્પષ્ટ કરી દીધું કે, ભારત પોતાના રાષ્ટ્રીય હિત અને વ્યૂહાત્મક સ્વાયત્તતાને ધ્યાનમાં રાખીને જ ઊર્જા સાથે સંબંધિત નિર્ણયો લેશે અને કોઈપણ દબાણમાં નહીં આવશે. નોંધનીય છે કે રશિયા પાસેથી તેલ ખરીદવાને કારણે અમેરિકાએ ભારત પર વધારાના ટેરિફ તરીકે ૨૫% પેનલ્ટી લગાવી છે, અને એમ પણ કહ્યું છે કે આના કારણે રશિયાને મોટું નુકસાન થયું છે અને ભારતે તેલ ખરીદી પર પુનર્વિચાર કર્યો છે. જોકે, ભારતે પોતાનું સ્ટેન્ડ સ્પષ્ટ કરતા કહ્યું કે તેલ ખરીદી ચાલુ છે.

ભારત-પાકિસ્તાન સંબંધો પર વિદેશ મંત્રીએ કહ્યું કે, ૧૯૭૦ના દાયકાથી ભારતમાં એક રાષ્ટ્રીય સર્વસંમતિ રહી છે કે કોઈપણ પ્રકારની મધ્યસ્થી સ્વીકારવામાં આવશે નહીં. ૫૦ વર્ષથી એવું નક્કી કરવામાં આવ્યું છે કે, અમે પાકિસ્તાન સાથેના સંબંધોમાં કોઈપણ ત્રીજા પક્ષની દખલગીરી સ્વીકારીશું નહીં. જયશંકરે પુનરોચ્ચાર કર્યો કે, સરકારની નીતિ સ્પષ્ટ છે - ટ્રેડમાં ખેડૂતોના હિત, વ્યૂહાત્મક સ્વાયત્તતા અને મધ્યસ્થીનો વિરોધ. તેમણે કહ્યું કે, અમે અમારી સાર્વભૌમત્વ, સ્વતંત્ર વ્યૂહરચના અને નાગરિકોના હિત સાથે સમાધાન નહીં કરીશું. અમે વાટાઘાટો અને નેગોશિયેશન્સ માટે તૈયાર છીએ, પરંતુ રાષ્ટ્રીય હિત સર્વોપરી છે.

### ભાજપ નવા પ્રમુખના નેતૃત્વમાં બિહાર ચૂંટણી લડશે

# ભાજપને ૧૫મી સપ્ટેમ્બર સુધીમાં નવા અધ્યક્ષ મળશે

**ભાજપના પ્રમુખની પસંદગીમાં વિલંબ પાછળનું એક કારણ ૯ સપ્ટેમ્બરે યોજાનારી ઉપરાષ્ટ્રપતિની ચૂંટણી છે**

(સંપૂર્ણ સમાચાર સેવા)નવી દિલ્હી

ભારતીય જનતા પાર્ટી (ભાજપ) લાંબા સમયથી તેના આગામી રાષ્ટ્રીય અધ્યક્ષની રાહ જોઈ રહી છે. પહેલા એવું માનવામાં આવતું હતું કે ભાજપને ૧૫ સપ્ટેમ્બર સુધીમાં નવા અધ્યક્ષ મળશે, પરંતુ જગદીપ ધનખડના ઉપપ્રમુખ પદ પરથી અચાનક રાજીનામું આપવાને કારણે તેમાં વિલંબ થયો. સૂત્રોના જણાવ્યા અનુસાર, આ વર્ષના અંતમાં યોજાનારી બિહાર વિધાનસભા ચૂંટણીની તારીખો જાહેર થાય તે પહેલાં ભાજપને તેના રાષ્ટ્રીય અધ્યક્ષ મળી શકે છે. ભાજપ નવા પ્રમુખના નેતૃત્વમાં બિહાર ચૂંટણી લડશે. અહેવાલમાં સૂત્રોને ટાંકીને દાવો કરવામાં આવ્યો છે કે, પાર્ટીનું ટોચનું નેતૃત્વ સતત ભાજપ પ્રમુખ માટે ચર્ચા કરી રહ્યું છે. RSS અને BJPના વરિષ્ઠ નેતાઓએ પ્રમુખનું નામ શોધવા માટે ઓછામાં ઓછા ૧૦૦ ટોચના નેતાઓનો સંપર્ક કર્યો છે અને તેમની સાથે વાત કરી છે.

વરિષ્ઠ કેન્દ્રીય મંત્રીઓ, ભૂતપૂર્વ પક્ષના વડાઓ અને RSSના વરિષ્ઠ નેતાઓ સહિત અન્ય લોકો સાથે ચર્ચા થઈ છે કે તેમના મતે પાર્ટીનો આગામી પ્રમુખ કોણ હોવો જોઈએ. ભાજપના પ્રમુખની પસંદગીમાં વિલંબ પાછળનું એક કારણ ૯ સપ્ટેમ્બરે યોજાનારી ઉપરાષ્ટ્રપતિની ચૂંટણી છે. ભાજપને નહોતું લાગતું કે જગદીપ ધનખડ અચાનક રાજીનામું આપશે અને પછી ઉપરાષ્ટ્રપતિ માટે નામ નક્કી કરવું પડશે. NDA એ તાજેતરમાં ઉપરાષ્ટ્રપતિ પદ માટે સીપી રાધાકૃષ્ણનનું નામ જાહેર કર્યું છે, જ્યારે સુપ્રીમ કોર્ટના ભૂતપૂર્વ ન્યાયાધીશ સુદર્શન રેડ્ડીએ ઈન્ડિયા એલાયન્સ વતી ઉમેદવારી નોંધાવી છે. જો આંકડાઓ પર વિશ્વાસ કરવામાં આવે તો, NDA ઉમેદવાર સીપી રાધાકૃષ્ણનની જીત નિશ્ચિત માનવામાં આવે છે.

પાર્ટીના બંધારણ મુજબ, તમામ રાજ્યોમાંથી ઓછામાં ઓછા ૧૯ રાજ્યોમાં ભાજપ પ્રમુખની પસંદગી કરવી જરૂરી છે. ગયા મહિના સુધી, ૨૮ રાજ્યોને નવા ભાજપ પ્રમુખ મળ્યા છે. જોકે, ઉત્તર પ્રદેશ, ગુજરાત, દિલ્હી સહિત ઘણા મોટા રાજ્યોના પ્રમુખોની પસંદગી હજુ બાકી છે. હાલમાં, પાર્ટીના રાષ્ટ્રીય અધ્યક્ષ જેપી નડ્ડા છે, જેઓ ૨૦૨૦ ની શરૂઆતથી પદ પર છે. ગયા વર્ષે યોજાયેલી લોકસભા ચૂંટણી દરમિયાન તેમનો કાર્યકાળ લંબાવવામાં આવ્યો હતો.

### ચમોલીમાં કાટમાળમાં ફેરવાયા ઘર

# ઉત્તરાખંડના ચમોલીમાં અડધી રાત્રે આભ ફાટ્યું, થરાલી ગામમાં તબાહી

**ભારે વરસાદના કારણે અનેક ઘર, દુકાન કાટમાળમાં ફેરવાઈ ગયાઃ વહીવટી તંત્ર અને એસડીઆરએફની ટીમ રાહત અને બચાવ કામગીરીમાં લાગી છે**

(સંપૂર્ણ સમાચાર સેવા)ચમોલી

ઉત્તરાખંડના ચમોલી જિલ્લાના થરાલી વિસ્તારમાં શુક્રવારે (૨૨ ઓગસ્ટ) મોડી રાત્રે વાદળ ફાટવાની ઘટનામાં ભારે વિનાશ સર્જાયો હતો. વાદળ ફાટવાના કારણે થરાલી શહેર, આસપાસના ગામડાઓ અને બજારોમાં જનજીવન ખોરવાઈ ગયું હતું. ભારે વરસાદના કારણે અનેક ઘર, દુકાન અને રસ્તાઓ કાટમાળમાં ફેરવાઈ ગયા હતા. વહીવટી તંત્ર અને એસડીઆરએફની ટીમ રાહત અને બચાવ કામગીરીમાં લાગી છે.

ઉત્તરાખંડના ચમોલી જિલ્લાના થરાલી વિસ્તારમાં શુક્રવારે મોડી રાત્રે વાદળ ફાટવાની થરાલી શહેર, આસપાસના ગામડાઓ અને બજારોમાં જનજીવન ખોરવાઈ ગયું હતું. ભારે વરસાદ અને કાટમાળને કારણે ઘણા ઘરો, દુકાનો અને રસ્તાઓને નુકસાન થયું છે. વહીવટીતંત્ર અને SDRF ટીમો રાહત અને બચાવ કાર્યમાં રોકાયેલી છે.

વાદળ ફાટવાની સૌથી વધુ અસર થરાલી બજાર, કોટદીપ અને તહસીલ પરિસરમાં જોવા મળી હતી. અહીં કાટમાળ તહસીલ પરિસર, એસડીએમ આવાસ સહિતના અનેક ઘરોમાં ઘૂસી ગયો હતો. તહસીલ પરિસરમાં પાર્ક કરેલા ઘણા વાહનો કાટમાળ નીચે દટાઈ ગયા હતા. શહેરના રસ્તાઓ કાટમાળથી એટલા ભરાઈ ગયા હતા કે તે તળાવ જેવા દેખાવા લાગ્યા હતા. નજીકના સાગવારા ગામમાં એક યુવતીનું કાટમાળ નીચે દબાઈ જવાથી મોત નીપજ્યું હતું. આ ઘટનાથી સમગ્ર વિસ્તારમાં ગભરાટ હતી અને લોકો જીવ બચાવવા માટે ઘરની બહાર નીકળી ગયા હતા. પોલીસ અને વહીવટીતંત્રની ટીમો તાત્કાલિક રાહત કાર્ય માટે ગામમાં પહોંચી ગઈ હતી. ચેપડો બજારમાં કાટમાળને કારણે ઘણી દુકાનોને નુકસાન થયું હતું. આ ઉપરાંત, એક વ્યક્તિ ગુમ હોવાના અહેવાલ છે, જેના કારણે સ્થાનિકોની ચિંતામાં વધારો થયો છે. ભારે વરસાદ અને કાટમાળને કારણે, થરાલી-ગ્વાલદમ માર્ગ મિંગ્ગદેરા નજીક બંધ થઈ ગયો છે. આ ઉપરાંત, થરાલી-સગવાડા માર્ગ પણ અવરોધિત છે. આ બે રસ્તાઓ બંધ થવાને કારણે, વિસ્તારમાં વાહન વ્યવહાર ઠપ્પ થઈ ગયો છે અને લોકોને ભારે હાલાકીનો સામનો કરવો પડી રહ્યો છે. ગૌચરથી સ્ટેટ ડિઝાસ્ટર રિસ્પોન્સ ફોર્સ (SDRF)ની ટીમ ઘટનાસ્થળે પહોંચી ગઈ છે. વહીવટીતંત્રે રાહત અને બચાવ કામગીરી ઝડપી બનાવવા સૂચનાઓ આપી છે. બોર્ડર રોડ્સ ઓર્ગેનાઈઝેશન (BRO)ની ટીમ મિંગ્ગદેરા પાસે રસ્તો ખોલવાનો પ્રયાસ કરે છે, જેથી ટ્રાફિક અને રાહત કાર્ય ટૂંક સમયમાં ફરી શરૂ કરી શકાય. જિલ્લા વહીવટીતંત્રએ સલામતીને ધ્યાનમાં રાખીને થરાલી તાલુકાની તમામ શાળાઓ અને આંગણવાડી કેન્દ્રોને શનિવાર (૨૩ ઓગસ્ટ ૨૦૨૫) માટે બંધ રાખવાનો આદેશ આપ્યો છે. જિલ્લા મેજિસ્ટ્રેટ ડૉ. સંદીપ તિવારીએ જણાવ્યું હતું કે પોલીસ અને વહીવટીતંત્રની ટીમો સતત સ્થળ પર હાજર છે અને રાહત અને બચાવ કાર્યમાં રોકાયેલી છે.

### હવે પાર્સલ નહીં, ખાલી લેટર અને ગિફ્ટ જશે

# ભારતે અમેરિકા માટે પોસ્ટ સેવાઓ બંધ કરી

(સંપૂર્ણ સમાચાર સેવા)નવી દિલ્હી

પોસ્ટ વિભાગે અમેરિકા માટે પોસ્ટ સેવાઓને હંગામી ધોરણે રોકવાનો નિર્ણય લીધો છે. આ પગલું અમેરિકા સરકારે હાલના એક્ઝીક્યુટિવ ઓર્ડર નંબર-૧૪૩૨૪ના કારણે ઉઠાવ્યું છે.

ઓર્ડર અંતર્ગત ૨૯ ઓગસ્ટ, ૨૦૨૫થી ૮૦૦ ડોલર સુધીની વસ્તુઓ પર મળતી ડ્યૂટી ફ્રી છૂટ ખતમ કરી દીધી છે. હવે અમેરિકામાં મોકલાતી દરેક વસ્તુઓ પર કસ્ટમ ડ્યૂટી લાગશે. જો કે, ૧૦૦ ડોલર સુધીની ગિફ્ટ આઈટમ અને લેટર/ડોક્યુમેન્ટ પહેલાની માફક સ્વીકારવામાં આવશે.

અમેરિકાના કસ્ટમ અને બોર્ડર પ્રોટેક્શને અમુક ગાઈડલાઈન જાહેર કરી છે. પણ ડ્યૂટી વસૂલી અને બીજી ટેક્નિકલ પ્રોસેસને લઈને સ્થિતિ હજુ પણ સ્પષ્ટ નથી.

આ જ કારણથી એરલાઈન્સે ૨૫ ઓગસ્ટ ૨૦૨૫થી અમેરિકા માટે પાર્સલ અને બીજા સામાન મોકલવાની ના પાડી દીધી છે.

ગ્રાહક જો પહેલાથી અમેરિકા માટે સામાન બુક કરી ચૂક્યા છે, તો તે પોસ્ટેજ રિફંડ લઈ શકે છે. પોસ્ટ વિભાગે કહ્યું કે, સ્થિતિ પર સતત નજર રાખી રહ્યા છીએ અને સેવાઓ ટૂંક સમયમાં ફરી શરુ કરવાની પૂરતી કોશિશ કરવામાં આવશે.

આપને જણાવી દઈએ કે, અમુક સોશિયલ મીડિયા પોસ્ટમાં દાવો થઈ રહ્યો છે કે ઈંડિયા પોસ્ટ ૧ સપ્ટેમ્બર ૨૦૨૫માં રજિસ્ટર્ડ પોસ્ટ સર્વિસ બંધ કરવા જઈ રહ્યા છે. પ્રેસ ઈન્ફોર્મેશન બ્યૂરોએ દાવાની પડતાલ કરી છે.

પીઆઈબીએ સ્પષ્ટ કરી દીધું છે કે રજિસ્ટર્ડ પોસ્ટ બંધ નથી થઈ રહી, પણ તેને સ્પીડ પોસ્ટમાં મર્જ કરવામાં આવી રહ્યું છે.

રજિસ્ટર્ડ પોસ્ટની જરુરી તમામ સુવિધાઓ પહેલાની માફક મળતી રહેશે. હવે રજિસ્ટર્ડ પોસ્ટની સુવિધાઓ સ્પીડ પોસ્ટ અંતર્ગત મળશે, જેનાથી લોકોને ફાયદો થશે અને સેવાઓમાં કોઈ કમી નહીં આવે.




